

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્રજાને ભૂલી, સત્તા પાછળ દોડવામાં પડ્યા છે!*
*સીમા સચવાતી નથી, સભ્યો ફોડવામાં પડ્યા છે!*
*ખોડવામાં પડ્યા છે 'હિંદુ' સ્તાનમાં પક્ષનો ઝંડો -*
*દેશ સચવાતો નથી, રાજ્યો તોડવામાં પડ્યા છે!*

### હાઈકુ

*ઊંઘે સીમાડે -*
*સમસ્યાઓની વચ્ચે જૂએ -*
*સત્તાનાં સ્વપ્નો...*

*ખટપટોની*
*ચાદર નીચે ઢાંકે -*
*નિષ્ફળતાઓ...*

### ચિંતન

***નૈકં ચક્રં પરિભ્રમયતિ ॥***

**ઉપરોક્ત શ્લોક 'ચાણક્યનીતિમાંથી' લેવામાં આવેલ છે.**

**માત્ર એક જ પૈડાથી રથ નથી ચાલતો.**

**રથને ચલાવવા માટે જેમ બે પૈડાંની આવશ્યકતા પડે છે તેમ રાજ્ય વહીવટ ચલાવવા માટે રાજાને મંત્રીગણની જરૂરત પડે છે. ખુશામતખોરોના સહારે એક હથ્થ શાસન ચલાવનાર રાજાનું રાજ્ય દીર્ઘજીવી નથી નીવડી શકતું, પણ યોગ્ય અને પ્રતિભાવાન સલાહકારો અને મંત્રીઓની સલાહને અનુસરીને રાજ્યભાર વહન, કરનાર રાજાનું શાસન સુદૃઢ બને છે એટલું જ નહીં, દીર્ઘજીવી નીવડે છે.**

**રાજાઓ, વિવિધ નિષ્ણાંતોનાં સલાહકારોન મંડળ રાખે છે સહાયક પ્રધાનો રાખે તો જ રાજ્ય અને રાજનીતિ બરાબર ચાલે. સંસારના રથમાં પણ બે પૈડાં (પતી-પત્ની) ની જરૂર પડે છે તે પણ સરખા માપ-સ્તર સ્વભાવનાં જ હોવા જોઈએ.**

### સુવિચાર

- કિસ ઉમ્ર તક પઢા જાયે, ઔર કિસ ઉમ્ર સે કમાયા જાયે,
  યે શૌક નહીં, ઈન્સાન કે હાલાત તય કરતે હૈ - **તોફિસ અલમ**
- રહી જાશે પ્રહારો ઝીલનારો એકલો ઊભો...
  ને પથ્થર ફેંકનારો તો ટોળામાં ભળી જાશે - **બરકત વિરાણી**
- દુશ્મન એટલે એક એવો ચોકીદાર, જે તમારી ભૂલ-નબળાઈ-
  ક્ષતિ ઉપર સતત ચાંપતી નજર રાખે...!! - **ઈશિતા**
- જે કામને અધૂરું મૂકીને મરવાની ઈચ્છા હોય તેને હંમેશા કાલ પર ઠેલો !! - **પાબ્લો પિકાસો**
- માણસ તો સિમ્પલ છે, ખાલી, માણસાઈ જ કોમ્પ્લિકેટેડ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ શ્રેષ્ઠ કામ આપમેળે જન્મતું નથી, તેણે વિચારોના ખોળામાં ખૂંદાવું પડે છે - **સદાશિવ કાણે**
- આજનું ઔષધ : કાંદાને ગરમ રાખમાં શેકી, રોજ સવારે જમતી વખતે ખાવાથી કબજિયાત મટે છે અને શક્તિ વધે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈશુ પોતાના શિષ્યો સાથે વાતો કરતા હતા. એમણે એક ઉપદેશ આપતા કહ્યું, 'ભાઈઓ, કોઈ તમને જમવા માટે આમંત્રણ આપે તો છેક છેવાડાની પંગતમાં બેસજો. જેથી ત્યાંથી કોઈ તમને જો ઉઠાડશે તો એનાથી આગળની પંગતમાં બેસાડશે. પરંતુ જો તમે અગ્રીમ પંક્તિમાં બેઠા હશો અને ત્યાંથી તમને કોઈ ઉઠાડશે તો પછી પાછળ બેસવાનું થશે અને આપને અપમાનિત થયાનો ક્ષોભ અને ગુસ્સો અનુભવશો.

આ ક્ષોભ તમારું જમવાનો આનંદ છીનવી લેશે.'

ઈશુનો હેતુ એ સમજાવવાનો હતો કે, 'જે નમ હોય છે, તે જ મહાન બને એછે, ને તેની સત્તા ચાલે છે. તેઓ જ સૌની પ્રીતિપાત્ર બને છે. નમે તે સૌને ગમે. નમ્રતા એ સૂર્યના સવારના કિરણો જેવો દિવ્યગુણ છે. સંસારમાં સૌની સાથે હળીમળીને રહેવા માટે નમ્રતા એ સૌથી મોટું અનિવાર્ય તત્ત્વ છે. સહાનુભૂતિ અને સ્નેહ દ્વારા તેની સુવાસમાં વૃદ્ધિ થાય છે.'

સરળતાથી તે વ્યક્તિ સંસારસાગરમાં પોતાના જીવનનૌકા હંકારી ભવસાગર પાર કરી શકે છે.

# પત્રકારત્વના આદર્શ નગીનબાપાનું મહાપ્રયાણ

### તંત્રીસ્થાનેથી...

ગુજરાત વિશે કોઈ વિદેશીએ કરેલી અણછાજતી ટીકાની નોંધ જાણીતા ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ લીધી ત્યારે સાંસ્કૃતિક સંદર્ભે ગુજરાત કોઈ પણ માપદંડથી માપતાં પછાત નથી, એ મતલબનો લેખ આ જ પાના પર 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાંચકોની સેવામાં પ્રસ્તુત થયેલો છે. ગુજરાત પાસે એની બહુઆયામી પ્રતિભાઓ ભૂતકાળમાં પણ હતી, અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ હશે. સો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી, છેલ્લા શ્વાસ પર્યંત કાર્યરત રહી દિવંગત થયેલા ભાષા-વ્યાકરણશાસ્ત્રી પૂ. કે.કા.શાસ્ત્રી અને પ્રખર વિચારક - વિશ્લેષક - કટાર લેખક નગીનદાસ સંઘવી એ ગુજરાતે રાષ્ટ્રને ચરણે ધરેલાં અણમોલ રત્નો હતાં. નગીનદાસ સંઘવીને ગુજરાતમાં અને ગુજરાત બહાર એમની આખાબોલી, સ્પષ્ટવક્તાની તેજતર્રાર કલમને કારણે બહુ જ આદર સાંપડ્યો હતો. કાણાને કાણો કહેવાની હિંમત ધરાવતા આ વરિષ્ઠ રાજનીતિશાસ્ત્રી ગુજરાતી પત્રકારત્વ માટે રોલ મોડલ બની ગયા હતા. કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના તેઓ મુદ્દાનું તલસ્પર્શી વિશ્લેષણ કરતા. એનો ઊંડો અભ્યાસ કર્યા પછી જ પોતાનું તડ અને ફડ વિવેચન અત્યંત નિર્ભયતાપૂર્વક રજૂ કરતા. એમના બરના સમાજશાસ્ત્રી કે રાજયનીતિશાસ્ત્રના અભ્યાસી પત્રકારો સમસ્ત દેશમાં પણ કેટલા હશે તે કહેવું મુશ્કેલ છે. ધર્મ અને રાજયસત્તા સામે નિર્ભીક અભિપ્રાય દર્શાવવા આ શતાળુ પત્રકારમાં મહાત્મા ગાંધી જેવી સત્યનિષ્ઠાનાં દર્શન થતાં. એથી એમને ચીલાચાલુ ગુલાંટબાજ પત્રકારોની ફોજ સામે અડીખમ ઊભેલા એક પ્રામાણિક પત્રકાર તરીકેની પ્રતિષ્ઠા સાંપડી હતી. પોતે કોઈના પ્રભાવમાં આવી જઈને કયારેય એક શબ્દ પણ લખતા નહીં. એમની ઝીણી નજર પરિસ્થિતિ અને વ્યક્તિનું તલસ્પર્શી નિરીક્ષણ કરતી રહેતી અને પછી જ તેના વિશેના પોતાના મંતવ્યની તેઓ રજૂઆત કરતા. પોતે કરેલ મૂલ્યાંકન પણ ખોટું હોઈ શકે - એવું સ્વીકારવાની ઉદાર માનસિકતાને કારણે તેઓ કડવા ટીકાકાર હોવા છતાં કોઈને અળખામણા ન લાગ્યા. જે સરકારની અનેક વાર દાણોદાણ રેવડી કરતા રહ્યા એ જ એમને પદ્મ પુરસ્કારથી નવાજે ત્યારે પત્રકારત્વની એક સાચી અને અનુકરણીય ઓળખને પ્રતિષ્ઠા સાંપડતી લાગે. તેઓ અવારનવાર રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદ, ધર્મ, ધર્માંધતા અને ધર્મના નામે થતાં રહેતા રાજકારણની ઉગ્ર ટીકા કરતા. મોરારિ બાપુ સાથે ઘનિષ્ઠ ઘરોબો હોવા છતાં તેઓ વ્યાસપીઠ પર ઊભા રહીને કહેતા કે હું ઈશ્વરમાં માનતો નથી પરંતુ બાપુ રામચરિત માનસના માધ્યમથી ઉચ્ચતર માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે એથી મને તેઓ ગમે છે. એ કયારેય કોઈ વાદ કે વ્યક્તિત્વથી અંજાયા નહોતા પરંતુ જયાં કંઈક સત્ત્વ અને સત્ય વરતાય ત્યાં માથું નમાવતાં શરમાયા પણ નહોતા. મોરારિ બાપુ વિદેશમાં રામકથા કરતા ત્યારે એક સંનિષ્ઠ સંવાદદાતાની જેમ એકે એકદિવસની કથાનો ટૂંકસાર બીજે દિવસે અંગ્રેજીમાં રજૂ કરી ગુજરાતી - હિંદી નહીં સમજનારા શ્રોતાગણને ઉપકૃત કરતા. છેક છેલ્લા દિવસ સુધી તેઓ વિવિધ અખબારોમાં ચાલતી એમની કટાર પરત્વે ગંભીરતાપૂર્વક સંક્રિય રહ્યા. 'ચિત્રલેખા'ના તંત્રી સાથે મૃત્યુના સાડા ચાર કલાક પહેલાં જ ચર્ચા કરી અને દમનો હુમલો આવતાં સુરતની બુરહાની હોસ્પિટલ ખાતે ચિરનિદ્રામાં પોઢી ગયાં. તેઓ ગુજરાતી પત્રકારત્વની દીવાદાંડી હતા. એમના ૧૦૧માં જન્મદિવસે મોરારિ બાપુની ઉપસ્થિતિમાં એમનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો ત્યારે પણ એમની નિઃસ્પૃહતાનો જ જ્વલંત દાખલો બેસાડ્યો. એમને ધરાર સન્માન રાશિ ન સ્વીકારી અને તે રકમમાંથી ઊગતા તેમજ વરિષ્ઠ પત્રકારો માટે એવોર્ડ આપવા માટેનું સૂચન કરી એક નવો જ ચીલો ચાતર્યો. નગીનદાસ સંઘવીએ મોરારિ બાપુ પ્રેમાદરપૂર્વક 'નગીનદાસ બાપા' કહેતા રહ્યા છે. બાપાની વિદાયથી બાપુને તો મોટી ખોટ પડી જ છે, સાથે જ ગુજરાતી પત્રકારત્વની એક ચિર પ્રકાશિત દીવાદાંડી ડૂલ થઈ ગઈ છે. તેઓ ઈશ્વરમાં ભલે ન માનતા હોય, પણ આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આવા સત્યના પૂજારીને એ ચિરશાંતિ બક્ષે,

# માણસ પોતાના વિચારો,અનુભવ જાહેરમાં મૂકે છે ત્યારે એમાં બુદ્ધિના - વિવેકના અજવાળા રેલાય છે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

'આ જુઓને, તમારા ભાઈ, આખ્ખો દાડો, મોબાઈલમાં જ મોઢું નાખીને બેઠા હોય...' એક બહેને એના પતિ માટેનું અવલોકન બીજી બહેનને કહ્યું તો સામેની જવાબ મળ્યો કે, 'અમારા ઈવડા ઈ તો નવા સમાચાર આવ્યા નથી ને બધે વહેંચવા જ મંડી પડે, શું કરીએ આપણે પણ...'

લોકડાઉન અને અનલોકના આ ચાર મહિના દરમિયાન સોશિયલ મીડિયા માણસ માટે હાથવગું સાધન બની રહ્યું. લોકોએ એનો ખુબ ઉપયોગ કર્યો. કેટલાકે પોઝીટીવીટી સાથે કર્યો અને કેટલાકે માત્ર ટાઈમ પાસ રુપે કર્યો.

તારીખ ૨૨ માર્ચ ૨૦૨૦ના રોજ ભારત બંધ રહ્યું અને પછી તારીખ ૨૫ માર્ચથી શરૂ થયેલા લોકડાઉન ૧ થી ૪ના ફેઝ અને પછી અનલોકના બીજા ફેઝમાં આપણે અડધે પહોંચી ગયા છીએ. છેલ્લા દોઢેક મહિનાથી કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધતી જ રહી છે. એની સાથે સાથે રાજય અને કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ તથા સ્થાનિક પ્રશાસનની સૂચનાઓના પાલન સાથે જનજીવન પણ જાણે પુનઃ ધબકતું થયું છે. ડર સર્વત્ર છવાયેલો છે. અને એની સાથે સાથે કર્તવ્ય પણ કરવાનું છે એ ભાવ અને ભરોસો સાથે લોકો કામ પણ પણ જોડાયા છે. ચોમાસાની ઋતુનો આરંભ થયો છે એટલે ચોમાસા સાથે જોડાયેલી બિમારીઓ પણ ફેલાતી રહેશે. આ બધા વચ્ચેથી માર્ગ કાઢવામાં પોતાની વિવેકબુદ્ધિ, વીલ પાવર, સાહજિકતા, મનની સ્થિરતા અને પરિવાર તથા મિત્રોની હૂંફ માણસને ટકાવે છે.

આ સમયે સોશિયલ મીડિયામાં કામ કરનારા લોકોની જવાબદારી વધી જાય છે. કોઈકે મોકલ્યું નથી અને પોતાની બુદ્ધિના ત્રાજવે તોળ્યા વિના બસ વ્યાપક જનહિતના નામે ફોરવર્ડ કરી જ દેવું એ કેટલું વાજબી છે? કોઈને પૂછયા વિના તેમનું નામ કોઈ એક ગ્રુપમાં જોડી દેવું કેટલું વ્યાજબી છે? આપણા સમાજમાંકોઈ પણ ક્ષેત્રમાં બે અથવા તેથી વધુ પક્ષો હોવાના જ... હવે એમના માણસોએ તૈયાર કરીને એમના ન્યુઝ સાથેની સામગ્રી તરતી મૂકી હોયએ જેને કાંઈ લેવા દેવા ના હોય તેવા લોકોને પણ પરાણે મોકલવાની ? માહિતી નહીં પરંતુ ડર ઉપજાવે એ પ્રકારે થયેલી રજૂઆતનો વિસ્તાર ટાળી ના શકાય ? કોરોના બિમારી વિશે હવે ચાર મહિનામાં લોકો પૂરી રીતે જાણકાર થઈ ગયા છે, પણ કોઈએ પહેલીવાર વાંચી હોય એ વિગત ત્રણ મહિના જૂની ફોરવર્ડ કરવાથી શું ફાયદો?

સાત જનમ સુધી જોયા કરો એટલો ભંડાર ભર્યો છે, હવે કોઈ વ્યક્તિની જન્મ તિથિ કે મૃત્યુ તિથિએ ગૂગલ અને યુ ટ્યુબમાંથી સીધી જ કોપીપેસ્ટ જાણકરી મુકી દેવીને સંતોષ માનવો એ કેટલો વ્યાજબી? સોસાયટીઓમાં કે જ્ઞાતિઓના કેબીનેશ ગ્રુપના ગૃપોમાં અનેકવાર કહેવાયું હોય કે અહીં જોક-શાયરી-સૂઝો-ધંધાની જાહેરાતો કરવી નહીં પણ ધરાર થયા જ કરે છે કેટલું વ્યાજબી ?

અલબત્ત સોશિયલ મીડિયા ઉત્તમ માધ્યમ છે, જો એનો ફેલાવો સાચી રીતે - અધિકૃત માહિતી અને એ પણ જેને રસ હોય તેના સુધી આ દિશામાં ઉપયોગ થાય તો... આ દિશામાં વિચારવાની જરૂર છે. મોટાભાગે ભણેલા માણસોને જ આવી સમાચારો ફેલાવવાની વધુ હોંશ હોય છે અને એથી જ એમની જવાબદારી વધી જાય છે. ફેલાવો જ કરવો હોય તો પ્રેમ - પ્રાર્થના - પ્રસન્નતાનો કરવો, ભક્તિ-ભજન-ભરોસાનો કરવો જેનાથી આપણે પોતે અને બીજા કોઈ એકાદ જણ પણ હકારાત્મક દિશામાં પરિવર્તિત થાય.

સોશિયલ મીડિયા એક એવું પ્લેટફોર્મ છે જયાં કોઈ પણ માણસ, કંઈ પણ મૂકી શકે, અલબત્ત એની સામે કાયદાઓ પણ છે જ, જેનો વિચાર કરીને જ લખી શખાય, પરંતુ કાંઈ પણ લખવું એક બાબત છે અને તેને પાંચવાર વિચારીને પછી ફોરવર્ડ કરવું બીજી બાબત છે. કોકના વિચારો ફેલાવવા કરતાં જયારે માણસ પોતાના વિચારો, પોતાનો અનુભવ જાહેરમાં મૂકે છે ત્યારે એમાં બુદ્ધિના - વિવેકના અને પોતના અજવાળા રેલાય છે.

# કાબર બિલાડી-કાળુ અને આપણે



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

ગઈ કાલે રાત્રે અચાનક ૧૨ વાગ્યે એકદમ આંખ ખૂલી ગઈ, ઘરની બાલ્કનીમાં એક કાબર ઊડાઊડ કરતી હતી. બાલ્કનીના ખૂણામાં કાબરે એકાદ-બે વર્ષથી માળો બનાવ્યો છે... પરંતુ અંધારામાં કદાચ તેને પોતાનો માળો ખૂણામાં દીવાલ અને બીમની વચ્ચેની થોડી જગ્યામાં દેખાતો નહીં હોય, તેવું વિચારીને મેં ઓસરીની લાઈટ ચાલુ કરી. ત્યારે મારું ધ્યાન ગયું કે ઓસરીના હીંચકા ઉપર કાબર બેઠી છે... સામે જ તેનો માળો છે... અલબત્ત બહારથી એકદમ નજરમાં નથી આવતો... પરંતુ રોજ આવતાં - જતાં વ્યક્તિને તો ચોક્કસ ખબર પડે જ... મને નવાઈ લાગી કે, આ કાબર તો રોજ અહીં આવે છે, તો આજે કેમ આમથી તેમ ઊડાઊજ કરે છે, અને માળામાં નથી જતી !

ત્યાં તો મારું ધ્યાન હીંચકાની પાછળ ઊભેલી બિલાડી તરફ ગયું, તે ઊંચી નજર કરીને હીંચકાના કડા પર બેઠેલી કાબર તરફ મીટ માંડીને ઊભી હતી. લાઈટ થવાની બિલાડી કાબરને સ્પષ્ટ જોઈ શકતી હતી. એટલે એ કાબર અને બિલાડીની સંતાકૂકડી થોડો સમય ત્યાં ચાલી અને કાબર બાલ્કનીમાંથી ઊડી ગઈ.... બિલાડી પણ કંટાળીને ત્યાંથી ચાલી ગઈ...

પાંચ - દસ મિનિટની મધરાતની કાબરરોળ મચી ગઈ.. અને મનમાં વિચારોનું આંદોલન થવા લાગ્યું... કાબરનો માળો સામે જ બીજાના ખાંચામાં હતો, તો કાબર ત્યાં કેમ ન ઘૂસી ગઈ ? આ પ્રશ્નનો જવાબ બીજા દિવસે સવારે મળ્યો... માળામાં કાબરનાં નાના નાના બચ્ચાં હતા.... અને સવારે પેલી કાબર તેની ચાંચમાં દાણા તેનાં બચ્ચાઓને ખવડાવતી હતી.

કાબર-બિલાડીની આ ઘટના જોયા પછી મને એક બીજો પ્રસંગ યાદ આવી ગયો.... પાંચેક વર્ષ પહેલાં અમદાવાદની એક પ્રતિષ્ઠિત શાળામાં ભણાવતો હતો... રિસેસમાં અમે બે-ચાર શિક્ષકો બહાર કીટલી પર ચા પીવા જતા... ત્યાં એ 'કાળુ ચાવાળા'નો એક છોકરો હતો... જે એના પિતાને ગલ્લા પર મદદ કરતો.... બાપને આ વાત ગમે નહીં... છોકરો મ્યુનિસિપલ સ્કૂલમાં ભણવા પણ જાય.... હોશિયાર હશે... એવું લાગતું હતું... સાંજે ગાંધીનગર આવવા માટે 'ચાની કીટલીવાળાને ત્યાં' જ બસ પકડવાની હોય.... એટલે ઘણી વાર વાતચીત થાય... થોડાક સમયથી એનો છોકરો દેખાતો નહોતો...

મેં પૂછ્યું કે કેમ તમારો દીકરો દેખાતો નથી ? સામાન્ય રીતે જોરથી ઘાંટો પાડીને જવાબ આપવાવાળો કાળુ મારી નજીક આવીને મૂંઢા પર બેઠો, અને કીધું કે, સાહેબ મારો છોકરો અહીં હતો... ત્યારે સ્કૂલેથી છૂટીને મને મદદ કરવા અહીં આવતો... ચાનો ગલ્લો એટલે દરેક પ્રકારના લોકો અહીં આવતા... ગામના ઉતાર જેવા ગાળા-ગાળી કરનારા મજૂરોથી માંડીને દેખાવમાં સભ્ય હોય પરંતુ બોલે એટલે કાનમાંથી કીડા ખરે એવી બાષા બોલતા લોકો પણ આવે... મારું મન કયારેય માનતું નહોતું... મારો છોકરો અહીંયા રોજ આવતો હોય અને બાઘડ બિલ્લા જેવા લોકોની સોબત એના કૂમળા મનને ઘડી જાય, તેના કરતાં તેને ગામડે મોકલી દીધો... એ હવે ત્યાં જ ભણશે...' ત્યારે તે સમયે જ 'બાઘડ બિલ્લા' શબ્દપ્રયોગ કાળુએ કર્યો હતો... તે ગઈકાલે રાત્રે કાબર બિલાડીવાળા એપિસોડ વખતે બરાબર બંધબેસતો હતો... કાળુએ પણ પોતાના બાળકને બચાવવા માટે તેને દૂર કરી દીધો... અને શહેરના તેના કહેવાતા સભ્ય વર્તુળમાં પણ હવા લાગવા દીધી ન હતી કે ખરેખર તેને દીકરાને કયાં ભણવા મોકલ્યો છે.

તેમ પેલી કાબર પણ બિલાડી તેનો માળો જોઈ ન જાય અને તેના બચ્ચાની ભાળ બિલાડીને ન લાગી જાય એ માટે લગભગ આખી રાત માળામાં જવાને બદલે બિલાડી સાથે સંતાકૂકડી રમતી હતી...

સવારે ચા-પીતા પીતા કાબરને બચ્ચાં સાથે કલરવ કરતાં જોઈને કાળુ ચાવાળો અને તેનો દીકરો યાદ આવી ગયા... આજે આપણે આવા બાઘડ બિલ્લાઓની વચ્ચે જ જીવી રહ્યા છીએ.... કોણ કેવા રુપે રંગે આપણા અસ્તિત્વને ગળવા આવી રહ્યું છે તે જ સમજ નથી પડતી... મધ્યમ વર્ગના માણસ દંભી રાજનેતાઓ અને કાળા બજારિયાઓની પોતાના પરિવારના માળાને બચાવવા માટે આવાં જ હવાંતિયાં મારતો નજરે પડે છે... કયાં કયાં આપણે પહોંચી શકવાના છીએ! રોજ રોજ છાપામાં ખબર આવે છે કે, બાળકો ગુમ થાય છે, અને પછી તેનો મૃતદેહ મળે છે...'સુનતા ભી દીવાના કહેતા ભી દીવાના...' ન્યાયે બિચારો મિડલ કલાસિયો ચક્કર કાપતો રહે છે. આવા કેટ-કેટલા બિલ્લાઓથી પરિવારને બચાવવા રહેશું. માસૂમ ભૂલકાઓને બહેન-દીકરીઓને ઘરની બહાર જવા દેવામાં ડર લાગે છે... ગુજરાતમાં સલામતીના વિષયમાં શાંતિ છે... પરંતુ ઉત્તર ગુજરાતમાં કેટલાંક શહેરોમાં સાંજે સાત પછી અવરજવર ઓછી થઈ જાય છે... આમાં આપણા દેશની રાજધાની પણ બાકાત નથી...

રક્ષક જયાં ભક્ષક બને અને ખુદ વાડ જયાં ચીભડાં ગળે.

ફરિયાદ કોને, કયાં જઈ કરવી ?

આ બધી પરિસ્થિતિઓ માટે કોઈ સરકારને દોષ દેવા કરતાં આપણે પોતે જ સમાજ પર દૃષ્ટિપાત કરવાની જરૂર છે. સમાજ એ મારા-તમારા વ્યક્તિઓથી જ બનેલો છે. માણસનું સરેરાશ ચારિત્ર્ય ધીરે ધીરે તળિયે આવતું જાય છે, અને માટે જ ખૂન, ચોરી, અપહરણ, બળાત્કાર જેવી ઘટનાઓ છાશવારે બનતી રહે છે. આજે માણસને સારા થવા કરતાં સારા દેખાવામાં વધુ રસ છે... સારા થવું એ ચારિત્ર્ય છે. જયારે સારા દખાવામાં ચતુરાઈ છે. પગમાં લાકડીઓ બાંધીને ચાલનાર માણસ ઊંચો દેખાય છે, પરંતુ ઊંચો હોતો નથી... સમાજમાં કથિત સજ્જનો ઊંચા દેકાવા માટે લોકોની કાંધે ચડી બેસે છે... આપણા ભણતર અને શિક્ષણ પણ આપણને ચારિત્ર્યના નહીં પરંતુ ચતુરાઈના જ પાઠ શીખવે છે. સામાજિક મૂલ્યોનો હ્રાસ થવાથી માનવ પરસ્પરનો વિશ્વાસ ખોઈ બેઠો છે. આત્મા વગરનો દેહ બિહામણો, સમજ વગરનો સમાજ વેવલો, ધર્મ વગરનું ધન નકામું, ચારિત્ર્ય વગરની ચતુરાઈ વિનાશક અને નૈતિક મૂલ્યો વગરનું રાષ્ટ્ર એટલે અંધેર રાજ. સમાજમાં રહેલા તથા આપણામાં છુપાયેલા આવા બાઘઢ બિલ્લાઓને દેશનિકાસ આપી દઈએ. આખા સમાજ પરની કાળી ટીલડી સમાન અસામાજિક તત્ત્વો મુઠ્ઠીભર છે, જયારે સરેરાશ સજ્જનોની સંખ્યા પણ મોટા પ્રમાણમાંજોવા મળે છે... પરંતુ તેમની નિષ્ક્રિયતા સમાજ માટે ખૂબ જોખમકારક છે. અને એટલા માટે જ જો આપણામાં કંઈક સજ્જનપણું બાકી બચ્યું હોય તો, તેને છુપાવી ન રાખીએ બહાર કાઢીએ... અંતતોગત્વા આપણી જાગૃતિથી આપણા માળામાં છેલ્લે તો આપણને સલામતી જ મળવાની છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# 'કમ્ફર્ટ ઝોન' છોડવાનો ખોફ લોકોને ખાઈ જતો હોય છે



### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'લૉ ઓફ એટ્રેક્શન'માં ગજબની શક્તિ હોય છે. આકર્ષણના સિધ્ધાંતની વાત નિકળે એટલે આયર્લેન્ડના કોનર મેકગ્રેગોર યાદ આવ્યા વગર ન રહે. ઉત્તર-પશ્ચિમી યુરોપનું એક રમણીય રાષ્ટ્ર આયર્લેન્ડ. લગભગ પોણા પાંચ મિલીયન વસતી ધરાવતા આ દેશની એક સીમા યુનાઈટેડ કિંગડમ સાથે જોડાયેલી છે. જયારે અન્ય ભુભાગમાં એટલાંટિક મહાસાગર, સેલ્ટિક સાગર, સેંટ જ્યોર્જ ચેનલ અને આઈરિસ સાગર એના પગ પખાળે છે. આ ટચૂકડા રાષ્ટ્રના એક અનોખા ફાઈટર કોનર મેકગ્રેગોરે વિશ્વમાં આયર્લેન્ડ દેશનું નામ ગુંજતુ કરી દીધું. આયરલેન્ડના અત્યંત ગરીબ પરિવારમાં કોનરનો જન્મ થયો હતો. નાનપણથી એ અભાવોમાં ઉછરેલો. પડકારો અને મુશ્કેલીઓમાં પણ એ વિશ્વમાં અત્યંત પ્રસિદ્ધ અને લોકપ્રિય એવી યુએફસી ચેમ્પિયનશીપના વિજેતા બનવાના મનોરથો સેવતો. યુએફસી ચેમ્પિયન બનવાનું તો દૂરની વાત છે, યુએફસીમાં ક્વોલીફાય થાય એ ફાઈટર પણ પોતાની જાતને સદનસીબ સમજે. કોનર એક નહીં બે-બે વાર યુએફસી ચેમ્પિયન બન્યો.



'લૉ ઓફ એટ્રેક્શન'ના સિદ્ધાંતને જીવનમાં આત્મસાત કરીને કોનરે આ જબરજસ્ત સિદ્ધિ હાંસલ કરી છે. બાળપણમાં કોનર માન્ચેસ્ટર યુનાઈટેડમાં રમી રહ્યો છે એવું સપનું જોયા કરતો. આખુ સ્ટેડિયમ માનવ મેદનીથી ખીચો ખીચ ભરેલું છે. લોકો એની જીતને ચીચીયારીઓ પાડી વધાવી રહ્યા છે એવું એને સતત લાગ્યા કરતું. જ્યારે એ યુએફસી ચેમ્પિયન બન્યો ત્યારે એણે બાળપણમાં જોયેલા શમણાંનું દ્રશ્ય આબેહૂબ એની નજર સામે ખડું થઈ ગયું હતું. યુવાનીમાં કોનર પ્લંબરનું કામ કરતો હતો. એ સમયે એની મોટી બહેને એને 'લૉ ઑફ એટ્રેકશન' આકર્ષણના સિધ્ધાંત વિશે કહ્યું. શરૂઆતમાં કોનરને બહેનની વાતમાં ખાસ કોઈ રસ ન પડ્યો. પરંતુ એણે આ વિશે વાંચવાનું અને સાંભળવાનું શરૂ કર્યું.

એણે અનુભવ્યું કે, હૃદય અને મનમાં ચાલતી વાત અને બહારના વાતાવરણ વચ્ચે બહુ મોટું અંતર છે. ત્યારબાદ એણે 'વિઝ્યુલાઈઝેશન' સિસ્ટમના પદ્ધતિસરના પ્રયોગો શરૂ કરી દીધા. આનો આધાર લઈને જ્યારે એણે આયર્લેન્ડ માર્શલ આર્ટસ ક્ષેત્રે પગરણ માંડ્યા ત્યારે પહેલા દિવસથી જ એ યુએફસીમાં રમતો હોય એવો એટિટ્યૂડ રાખ્યો. આયર્લેન્ડમાં યુએફસીમાં રમવાનું કોઈ વિચારતું પણ ન હતું ત્યારે કોનરે પોતાની જાતને યુએફસી ચેમ્પિયન તરીકે જોવા લાગી. એસે એન્ડો છેલ્લા દસ વર્ષથી યુએફસીનો અપરાજિત યોદ્ધા હતો. એને કોનરે ૧૩મી સેકંડે નોકઆઉટ કર્યો.

વિશ્વની સૌથી શક્તિશાળી બાબત 'લૉ ઑફ એટ્રેકશન' છે. વ્યક્તિ એની કલ્પના અને વિચારોના બળે દુનિયાની કોઈપણ સિદ્ધિ હાંસલ કરી શકે છે. ભવિષ્યમાં વ્યક્તિ જે પ્રાપ્ત કરવા માગે છે, એ વર્તમાનમાં તેણે મેળવી લીધું છે એ પ્રકારનું 'વિઝ્યુલાઈઝેશન' કરવા લાગવું જોઈએ. એનું પરિણામ એ આવે છે કે, તે જે બનવા માગે છે તે દિશામાં તેના પ્રત્યેક પગલાં હિચકિચાટ વગર ભરાવા લાગે છે. અંતે એનો વિશ્વાસ સાચો સાબિત થાય છે. નાનું બાળક ક્યારેય કંટાળતું જોવા મળ્યું છે ખરું ? ચાદર અને ગોદડાનો ડુંગર બનાવે, ઓશિકાનું ઘર બનાવે. કોઈપણ ખચકાટ વગર જે ધારે એ કરવા મથતું જાય. થોટ, ઈમેજીનેશન અને વિજ્યુલાઈઝેશન આ ત્રણેય પાસા સબ કોન્શિયસ માઈન્ડ સાથે સીધા જોડાયેલા હોય છે. વ્યક્તિ જેમ જેમ મોટો થતો જાય એમ સબ કોન્શિયલ માઈન્ડની શક્તિને એ ભુલતો જાય છે.

જો જીતની ખેવના જાહેર કરવાની હિંમત રાખવામાં આવે તો જ વિજેતા બની શકાય. તકલીફ એ છે કે, લોકો સપના જરૂર જુએ છે પણ એને પૂરા કરવા બોલી શકતા નથી. સામાન્ય રીતે મોટા કાર્યો અને અપ્રતિમ સિદ્ધિના વિચારો કરતા લોકો એટલા માટે ડરે છે કે, કદાચ સપનું સાચું નહીં પડે તો ? અથવા જો એ સાકાર થશે તો સખત મહેનત કરવી પડશે તો ? 'કમ્ફર્ટ ઝોન' છોડવાનો ખોફ લોકોને ખાઈ જતો હોય છે. એક વાર 'વિઝ્યુલાઈઝેશન' મનમાં આકાર લે, એ પછી ઉત્સાહ ઠંડો પડી જતો હોય છે. માત્ર સફળતાનું દ્રશ્ય જોવું અને એના માટેની ચાહત પ્રગટ કરવાથી પતી નથી જતું. જીતની ચાહત લાગણીઓમાં ઓળઘોળ થવી જોઈએ. પ્રતિપળ હૃદય અને મનમાં લક્ષ્ય હાજરા હજૂર હોવું જોઈએ.

ભાવનાઓ અને લાગણીઓ જ્યારે અનુભવાય ત્યારે તેના આધારે વ્યક્તિના કાર્યો આકાર લેતા હોય છે. સામાન્ય રીતે મનમાં અનેક વિચારોનું ઘુમરાતા હોય છે. જો બીજા અસંગત વિચારો છોડી ફાઈટર કોનરની જેમ વિજેતા થવાના વિચારોને દ્રઢતાપૂર્વક વળગી રહેતા આવડી જાય તો ત્યાર પછીના તમામ પગલાં જીતની દિશામાં જ ઊઠશે. આ માટે સજાગપણે વિચારોની પેટર્ન બદલવી પડે. જ્યારે પણ સબ કોન્શિયસ માઈન્ડ લક્ષ્યને અપનાવી લે છે ત્યારે ચમત્કાર થતો હોય છે. સફળ થવાનો વિચાર મન ઉપર હાવી થઈ જાય છે. ઉંઘ ઊડી જાય છે. સૌની પાસે ક્ષમતા એક સરખી છે, પરંતુ જે વિચારો અને ઈચ્છાને પાગલપનની કક્ષાએ લઈ જઈને અથાક પરિશ્રમ કરે છે એને 'ચેમ્પિયન' બનતા રોકી શકવાની કોઈની તાકાત નથી.

જ્યારે વૈચારિક દ્રઢતા સાથે સાચી દિશામાં કદમ ઊઠાવાય છે ત્યારે અંદરની રૂકાવટો અને વિટંબણાઓ સમાપ્ત થતી જાય છે. 'વર્ક' અને 'સ્માર્ટ વર્ક' માં ફરક છે. મનમાં લક્ષ્યનું દ્રશ્ય સ્પષ્ટ હોય ત્યારે 'વર્ક' 'સ્માર્ટ વર્ક' બની જતું હોય છે. સવાલ એ છે કે, શું વ્યક્તિ આકર્ષણની શક્તિને પિછાણે છે ખરો ? શું એ સફળ થવાના આ રામબાણ ઈલાજને સમજવા માંગે છે ખરો ? વ્યક્તિએ સ્પષ્ટ થઈ જવું પડે કે કોઈપણ વિષયમાં એના વિચાર જ એના લક્ષ્યની પ્રાપ્તિનું મુખ્ય શસ્ત્ર બની જતું હોય છે. આકર્ષણનો સિદ્ધાંત સૌથી વધુ ત્યારે કામ કરે છે જ્યારે કોઈ બાબતનો વિચાર કરવામાં આવે અને એ વિચાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. આકર્ષણનો સિદ્ધાંત મુળભુત રીતે ત્રણ બાબત ઉપર અવલંબિત હોય છે. એક જે પ્રાપ્ત કરવા માગતા હોઈએ એ વિચારને હૃદયપૂર્વક વારંવાર વાગોળવામાં આવે. બીજું લક્ષ્યને આંખોથી ક્યારેય ઓજલ ન થવા દેવામાં આવે. ત્રીજું સૌથી અગત્યનું પરિબળ છે જીવનના તમામ નકારાત્મક વિચારોના પાસાને દૂર હડસેલી દેવામાં આવે. 'લૉ ઑફ એટ્રેકશન' જીત માટેની હાથવગી ચાવી છે.

**ધબકાર :**

**'ઇમોશન' એટલે 'એનર્જી મોશન'.**